# અમેરિકામાં ગાંધીનગરની 'ડોલ્સ' ઝળકશે

## ન્યુજર્સી ખાતે યોજનારા 'રંગીલો મારો દેશ' કાર્યક્રમ માટે ગાંધીનગરના ડોલ આર્ટીસ્ટ હરિન ભટ્ટે બેનમુન સોફટ સ્કલ્પચર તૈયાર કર્યા છે

ગાંધીનગર, તા.૧

અમેરીકામાં ન્યુજર્સી ખાતે આગામી મે મહિનામાં 'રંગીલો મારો દેશ' કાર્યક્રમ યોજાશે. અમેરિકા સ્થિત આઈફા સંસ્થાના ગુજ્જુ સભ્યો દ્વારા આ નવતર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ગરવી ગુજરાતના રાસ ગરબાથી લઈ વિવિધ જાતિની સંસ્કૃતિને તાદશ્ય કરવા જૂની અને ૫૦થી વધુ સોફટ સ્કલ્પચર તૈયાર કરવામાં આવ્યા છે. જેના આધારે ગુજરાતના ખેડૂતો, ભરવાડ ઉપરાંત દાંડીયા રાસ સહિત જાતિ સાથે જોડાયેલી સંસ્કૃતિના બેનમૂન કલાત્મક નમૂનાઓની પ્રતિકૃતિ રજૂ કરાશે.

અમેરિકામાં ન્યુજર્સી ખાતે કાર્યરત આઈફા સંસ્થા દ્વારા આગામી તા. ૨૬ થી ૨૮ મે

### ગુજરાત સહિત બોલીવુડમાંથી જુની ને નવી પેઢીના ૨૦૦ કલાકારો એક સાથે વૈવિધ્યસભર સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરશે

દરમિયાન રંગીલો મારો દેશ શિર્ષક હેઠળ એક વિશિષ્ટ કાર્યક્રમ યોજાશે. સંસ્થાના અગ્રણી સંધ્યાબેન પટેલે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગુજરાત તેમજ બોલવુડની જૂની અને નવી પેઢીના ૨૦૦ જેટલા કલાકારો એક નવી પેઢીના કલાકારો પરફોર્મ કરશે. જેમાં ગાંધીનગર સહિત ગુજરાતના તેમજ બોલીવુડના ૨૦૦ કલાકારો અવનવી કૃતિઓના માધ્યમથી ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરશે. ગાંધીનગરના ડોલ મેકર હરીન ભટ્ટ દ્વારા પણ કાર્યક્રમને અનુલક્ષીને સાથે ભાગ લેશે. મની મેકીંગના ઉદ્દેશથી નહિ પરંતુ કલાકારોની આંતરિક શકિત નીખરે તેવા આશ્રયથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જૂની અને નવી પેઢીના આ કલાકારોમાં બોલીવુડના ઉદીત નારાયણ અને આદિત્ય, નિતિન મુકેશ અને નીલ જયારે ગુજરાતના પ્રફુલ્લ દવે તેમજ હાર્દિક અને ઈશાની, સંજય અને પાર્થ ઓઝા, સરિતા જોષી અને કેતકી દવે તેમજ મનોજ જોષી સહિતના નામી કલાકારો પણ આ ઈવેન્ટનો એક હિસ્સો બનશે.



'રંગીલો મારો દેશ' કાર્યક્રમમાં ગાંધીનગરના પનગઢ કલા કેન્દ્રના કલાકારો પણ વિવિધ સાંસ્કૃતિક નૃત્યો રજૂ કરશે. આ ઉપરાંત ગુજરાત અને દેશની સાંસ્કૃતિક તાસીર રજૂ કરતા આ કાર્યક્રમમાં ગાંધીનગરના ડોલ મેકીંગ આર્ટીસ્ટ હરીન ભટ્ટ પણ આર્ટ સ્કલ્પચરના માધ્યમથી ગુજરાતી સંસ્કૃતિના કલાત્મક નમૂનાઓ પ્રસ્તુત કરશે. હરીન ભટ્ટ અને તેમના માતા રંજનબેન ભટ્ટે આ માટે વિવિધ ૫૦ પ્રકારની ડોલ તૈયાર કરી છે. ૨૪ ઈંચના સ્કેલમાં તૈયાર કરાયેલી ડોલના આધારે સમગ્ર ગુજરાતની સાંસ્કૃતિક ઝાંખી રજૂ કરાશે. આ ઉપરાંત કાર્યક્રમના બીજા ભાગમાં ગુજરાતી સંસ્કૃતિ સાથે વણાયેલા રાસ ગરબા, વલોણુ કરતી સ્ત્રી, ખાટલામાં બેસીને હુક્કો પીતો ગ્રામીણ બુઝુર્ગ

### દેશની વિવિધ જાતિ સાથે જોડાયેલી સંસ્કૃતિની કલાત્મક પ્રતિકૃતિઓ સાથે ગાંધીજીનું કોટન સ્ટેચ્યુ પણ કેન્દ્ર સ્થાને રહેશે

સહિતના ટ્રેડીશનલ સ્કલ્પચરનું ડિસ્પ્લે કરાશે. જયારે કાર્યક્રમને અનુલક્ષી તેમના દ્વારા ખાદીના કાપડમાંથી ગાંધીજીનું અદભુત કોટન સ્ટેચ્યુ પણ તૈયાર કરાયું છે. ગાંધીજી રેંટીયો કાંતતા હોય તેવી પ્રતિકૃતિ પણ કલાત્મક નમૂનાઓ વચ્ચે કેન્દ્ર સ્થાને રહેશે.

## ખૂણે ખાંચરેથી...

● આજે દહેગામ તાલુકા આરોગ્ય અધિકારી દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરાયું હતું. ૩૨ થી વધુ રક્તદાતાઓએ રક્તદાન કર્યુ હતુ. આ પ્રસંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. દિનેશ જાગાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

● ગાંધીનગર(ઉ)ના ધારાસભ્યની તબિયત બગડતાં તેમણે ગાંધીનગર સિવિલમાં સારવાર લીધી હતી.

● પોથાપુરની વિજયસભામાં પ્રભારી મંત્રી અને પ્રદેશ પ્રમુખ એક કલાકથી પણ વધુ સમય મોડા આવ્યા હતા. જોકે પાંખી હાજરી કાર્યકર્તાઓની જિલ્લામાં ભાજપ સંગઠનની સ્થિતિ શું છે તેની ગવાહી પુરતી હતી. મંત્રીઓના આગમન સમયે ૬૦ ટકા ખુરશીઓ પણ ખાલી હતી.

● ૪થી તારીખે યશોદા એવોર્ડ આપવાનો સમારોહ રાજ્યકક્ષાનો મેડીકલ કોલેજના હોલમાં યોજાશે.

● હવે, જિલ્લા પોલીસ વડા પણ હેલ્મેટના અમલ માટે મેદાનમાં ઉતર્યા છે. તેમણે પોલીસ કર્મીઓને દંડ ફટકાર્યાની વાતોએ લોકોને અચંબિત કરી દીધા છે.

● આજે રાજય વિધાનસભામાં દહેગામના મહિલા ધારાસભ્ય કામીનીબા રાઠોડ અને મંત્રી શ્રી નીતિન પટેલ વચ્ચે તડાફડી થઈ હતી. મંત્રી નિતીન પટેલના ઉચ્ચારણો સામે કોંગી સભ્યોના હોબાળા પછી ગૃહમાંથી કોંગી સભ્યોને એક દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



ડાબો હાથ લાંબો થવાનું કારણ તું... ડાબા હાથથી તું સેલ્ફી લેતી હોઈશ...!! હવે જમણાથી લે એટલે બરાબર થઈ જશે...!!

# ગાંધીનગર વિજાપુર રૂટમાં મીની બસની ૧૫ ટ્રીપો શરૂ કરાઈ

### વાયા લોદ્રા પુન્દ્રા રૂટમાં મીની બસો દોડશે : ખાનગી વાહનોની જોખમી મુસાફરીમાંથી મુસાફરોને દુર રાખવા માટે એસ ટીનુ નવતર આયોજન

ગાંધીનગર તા ૧

એસ ટી ડેપો દ્વારા ગાંધીનગર વિજાપુર રૂટમાં નવી મીની બસ સેવા શરૂ કરવામાં આવી છે. ડેપો દ્વારા ગાંધીનગરથી વાયા લોદ્રા પુન્દ્રા વિજાપુર રૂટમાં રોજની ૧૫ ટ્રીપો દોડાવાશે. આ રૂટમાં ખાનગી વાહનોની જોખમી મુસાફરીના બદલે અપડાઉન કર્તાઓને એસ ટી ની સલામત સવારી ઉપલબ્ધ થાય તે માટે આ વિશેષ ટ્રીપો શરૂ કરવામાં આવી છે.

ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા મુસાફરોને સમયસર અને સુવિધાયુકત બસ સેવા પુરી પાડવા માટે નવતર આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં હાલ ગાંધીનગર અમદાવાદ વચ્ચે શહેરી બસ સેવા અન્વયે રોજની ૧૫૦ જેટલી બસો દોડાવાય છે. જયારે સરખેજ રૂટમાં ટ્રાફિકને ધ્યાને લઈ વધારાની મીની બસો પણ શરૂ કરવામાં આવી છે. એસ ટી ડેપો દ્વારા મુસાફરોલક્ષી સુવિધાઓ અપગ્રેડ કરવામાં આવી રહી છે.ત્યારે એસ ટી તંત્ર દ્વારા જરૂરી રૂટમાં વધારાની બસો પણ શરૂ કરવામાં આવી છે. જેમાં થોડા સમય અગાઉ સરખેજ રૂટની મીની બસો શરૂ કરવામાં આવી હતી. આ મીની બસ સેવાના આધારે રોજના સેંકડા મુસાફરાને રાહત મળી છે. બીજીતરફ એસ ટી ડેપો દ્વારા ગાંધીનગર વિજાપુર રૂટમાં પણ બસ સેવા શરૂ કરવામાં આવી છે. આ ખાસ બસ સેવા અન્વયે એસ ટી ડેપો દ્વારા ૩ મીની બસો દોડાવામાં આવી રહી છે. જેમાં રોજની ૧૫ જેટલી ટ્રીપો રૂટમાં શરૂ કરવામાં આવી છે. વાયા લોદ્રા -પુન્દ્રા દોડતી આ મીની બસોના આધારે વધતા ટ્રાફિકને પહોંચી વળાશે તેમ પણ ડેપોના સુત્રોએ જણાંવ્યુ છે. આ ઉપરાંત આ રૂટમાં દોડાતા ખાનગી શટલિયા સર્વિસને ડામવા માટે તેમજ મુસાફરોને સલામત સવારી નસીબ થાય તે માટે આ આયોજન કરવામાં આવ્યુ છે.

## સ્વાઈન ફલુથી ઝિંડવાની મહિલાનું સારવાર દરમિયાન મોત

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુથી એક મહિલા દર્દીનું મોત થતાં આરોગ્ય તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે.

દહેગામ તાલુકાના ઝીંડવાની મહિલા જે સ્વાઈન ફલુ પોઝીટીવ આવતાં ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતી. ગઈકાલે સાંજે તેની તબિયત નાજુક બનતાં સઘન સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જ્યાં તેણીનીનુ સારવાર દરમ્યાન અવસાન થયું છે. સ્વાઈન ફલુને કારણે જિલ્લામાં મહિલા દર્દીના મૃત્યુ સાથે મૃત્યુ આંક બે પર પહોંચ્યો છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ અન્ય દર્દીઓની સ્થિતિ અત્યારે સ્થિર છે. જિલ્લામાંથી ગઈકાલે મોકલાયેલા ત્રણ જેટલા દર્દીઓના નમુનાઓ પરીક્ષણમાં નેગેટીવ જણાતાં તંત્રએ રાહતનો દમ લીધો છે. જિલ્લામાં સ્વાઈન ફલુના નોંધાયેલા દર્દીઓની સંખ્યા ૧૨ છે.

## સઈજ ગામે મહા રૂદ્રયાગ યોજાશે

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના સઈજ ખાતેના સિદ્ધનાથ મહાદેવ મંદિર ખાતેઆગામી તા. ૬ઠ્ઠી માર્ચના રવિવારના રોજ સવારે ૮ કલાકે મહારૂદ્રયાગનુંઆયોજન કરવામાં આવ્યું છે. યજ્ઞ આચાર્ય ભાલચંદ્રભાઈ ગોડસેના વ્યાસપીઠે યોજાશે. ધીરૂભાઈ જોષી, જગદીશાનંદજી, પીનાકીનભાઈ જાની, દિલીપગીરી મહારાજ અને નવનીતભાઈ પાઠક હાજર રહેશે.

## કેન્દ્રમાં ભાજપ સરકારનું કશું ઉપજતું નથી : બળવંતસિંહ

આજ રોજ વિધાનસભા ગૃહમાં રાજયપાલના પ્રવચન પર ચર્ચા કરતાં ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના દંડક અને સિધ્ધપુરના ધારાસભ્ય બલવંતસિંહ રાજપુતે જણાવ્યું હતું કે, કેન્દ્રમાં અને ગુજરાતમાં બંને જગ્યાએ ભાજપની સરકાર હોવા છતાં આ સરકારનું કંઈ જ ઉપજતું નથી. આદિજાતિના વિકાસ માટે, પશુપાલન માટે, અનુ.જાતિ અને જનજાતિ માટે, પછાત વર્ગોના કલ્યાણ માટે, નર્મદા યોજના અને સિંચાઈના કામો માટે, પોલીસના ખાતાના આધુનિકરણ માટે, સ્થાનિક સંસ્થાઓના અનુદાન માટે, બાહય સહાયિત પરિયોજનાઓ માટે, ડાંગ જેવા પછાત જીલ્લાના વિકાસ માટે ફંડ અને ખેડુતો માટેની રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના માટેની ગ્રાન્ટોમાં ભાજપ સરકારે વર્ષ ૨૦૧૪-૧૫માં ઘટાડો કર્યાનો ગંભીર આક્ષેપ રાજપુતે કર્યો હતો.

# ગ્રામીણ વિદ્યાર્થી વર્ગમાં ભારે ઉત્સાહ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે

### મુખ્યપ્રધાન રોજ ૫૦૦થી વધુ વ્યક્તિ, વિદ્યાર્થી, મહિલા સમુહને સહજભાવથી વિધાનસભા પોડિયમમાં મળે છે

ગાંધીનગર તા ૧

મુખ્યમંત્રી આનંદીબેન પટેલની પ્રત્યક્ષ મુલાકાત કરવા અને માતૃવાત્સલ્ય ભાવે માર્ગદર્શન મેળવવા વિધાનસભાના આ સત્ર દરમ્યાન રોજે રોજ સરેરાશ પાંચસોથી વધુ મહિલાશક્તિ યુવાનો ગ્રામીણ નાગરિકોનો અભૂતપૂર્વ ઘસારો જોવા મળતો રહે છે. આનંદીબેન પણ વિધાનસભાની કામગીરી નિહાળવા આવતી ગ્રામીણ નારીશક્તિ, આદિવાસી મહિલાઓ તથા શાળા કોલેજોના વિદ્યાર્થીઓને અવશ્ય પણે વિધાનસભા પોડિયમમાં મોકળા મને મળે છે અને તેમની સાથે રસપ્રદ વાર્તાલાપ પ્રશ્નોતરી કરીને તેમની જિજ્ઞાસા સંતોષે છે. મુખ્યમંત્રીને આ શૃંખલામાં આજે હિંમતનગર, ખેડબ્રહ્મા, સૌરાષ્ટ્ર વિસ્તારની ગ્રામીણ માતા બહેનો મળી હતી. મુખ્યમંત્રીએ પહેલ વહેલીવાર વિધાનસભા જોવાની તક મેળવેલી



આ બહેનો સાથે રાજયમાં આ વર્ષના બજેટમાં માતા બાળ આરોગ્ય વિષયક જે નવતર પહેલરૂપ યોજનાઓ આપી છે તેની વિસ્તૃત સમજ આપી હતી. આનંદીબેન માતૃવાત્સલ્ય ભાવે આ મહિલાઓ બહેનોને બ્રેસ્ટ સર્વાઈકલ કેન્સર માટેના વિનામુલ્યે પરિક્ષણ નિદાન સારવાર મહાઅભિયાનનો લાભ લઈ સ્વસ્થ જીવન માટેની સમજ આપી હતી. તેમણે મહિલા પશુપાલકો માટેની બજેટ જોગવાઈઓ, ડાયાબિટીસ બ્લડપ્રેશરની દવાઓ વિનામુલ્યે આપવાની આરોગ્ય સેવા તેમજ ખેડુતવર્ગો પશુપાલકોને વ્યાજ સહાયની વિગતો પણ સમજાવી હતી.

## ૧૩૩ કરોડનું બજેટ સિન્ડીકેટ બેઠકમાં પસાર

અમદાવાદ, તા.૧

ગુજરાત યુનિવર્સિટી સિન્ડિકેટની મળેલી બેઠકમાં વર્ષ ૨૦૧૬-૧૭ માટેનું કુલ રૂપિયા ૧૩૩ કરોડનું બજેટ સિન્ડીકેટ બેઠકમાં પસાર કરવામાં આવ્યું છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ, આજ રોજ મળેલી સિન્ડીકેટ બેઠકમાં વર્ષ ૨૦૧૬-૧૭ના વાર્ષિક અંદાજપત્રને બહાલી આપવામાં આવી છે. અંદાજપત્રમાં રૂપિયા ૨૭.૩૦ કરોડ જેટલી રકમના ખર્ચે યુનિવર્સિટીનું નવું ભવન બનાવવા પાછળ ખર્ચ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત રૂપિયા ૪.૮૫ કરોડના ખર્ચે સેનેટ હોલ બનાવવામાં આવશે.

# માણસામાં ૩૫ વર્ષ જુની ગેરકાયદેસર વસાહત પર આખરે બુલડોઝર ફર્યુ

માણસા, તા. ૧

માણસા નગરની સૌથી જૂની-જાણીતી સોસાયટી ઠચરાજનગરની



પાસે સ્થિત ગેરકાયદેસર વસાહત ઝુંપડપટ્ટી હટાવવા માટે સોસાયટીના રહીશો દ્વારા ઘણા જ લાંબા સમયથી આંદોલનાત્મક લડત ચલાવવામાં આવી હતી. નગરપાલિકા, મામલતદાર અને ઉ.ગુ. વીજ કંપની દ્વારા તેમને તદન ગેરકાયદેસર રીતે વીજળી-પાણી-રેશનકાર્ડ-ચૂંટણી ઓળખપત્ર, બી.પી.એલ. કાર્ડ વગેરે પણ અપાયેલા છે. વસાહતમાં ખુલેઆમ દારૂ-માંસ વેચાય છે, બેફામ જીવ હત્યા, ગાળાગાળી, મારઝુડ પણ થાય છે, સરેઆમ ગંદકીનું સામ્રાજ્ય પણ છવાયેલું રહેતું હોવાની ફરીયાદો વચ્ચે વિધાનસભા ચૂંટણીનો બહિષ્કાર કરવા છતાં રાજ્યનું સરકારી તંત્ર કુંભકર્ણની નિંદ્રામાંથી જાગતું નથી. માણસા નગરપાલિકાના તા. ૨૯-૧-૨૦૧૩ના પત્ર અને તા. ૧૩-૧-૨૦૧૪ના પત્ર કાયદેસર માન્યતા પ્રાપ્ત નથી. આ બાબતે કસબા તલાટી મંત્રી, મુખ્ય સચિવ, મુખ્ય તકેદારી અધિકારી, માનવ વિકાસ નિયામક, ગુજરાત રાજ્ય માનવ અધિકાર પંચ, મુખ્યમંત્રી વગેરે તમામ સત્તાધિકારીઓના દ્વાર ખટખટાવ્યા છે. પરંતુ આટઆટલા વર્ષોના અથાગ પ્રયત્નો તાં આ સમસ્યાને ઉકેલવાની વાત તો એક બાજુ રહી, તેને સાંભળવા માટે પણ કોઈ તૈયાર નથી. રાજ્ય સરકારના કોઈ જ અધિકારિને પોતાના હાથ દઝાડવા નથી. દરેક સરકારી કચેરી એકબીજાને ખો આપે છે. આ દબાણ હટાવવાની વાત તો ઘણી દૂરની છે પણ આ દબાણ કોના હસ્તક છે કે કોની હદમાં આવે છે તે હજુ નક્કી કરી શકતાં નથી. અવારનવાર આ સમસ્યાને પ્રચાર-પ્રસાર માધ્યમો દ્વારા વાચા અપાઈ હોવા છતાં તંત્રના પેટનું પાણી પણ હાલતું નથી.





હવે તો સરકારી અધિકારીઓએ માઝા મુકી દીધી છે. ગેરકાયદેસર દબાણ એવી ઝુંપડપટ્ટીને સોસાયટી કરતાં પણ જૂની હોવાનો અભિપ્રાય આપી દીધો છે. નગરપાલિકાના ચીફ ઓફીસર, કસબા તલાટી, મામલતદાર, સિટી સર્વે સુપરીન્ટેન્ડન્ટ, પ્રાંત અધિકારી વગેરેની સંયુક્ત બેઠકમાં ગત ફેબ્રુઆરી માસમાં કરેલ પંચનામુ દર્શાવે છે કે બિનકાયદેસર વસાહત ૩૦-૩૫ વર્ષથી પણ જૂની છે. અરે, એક અપેલેટ અધિકારીએ તો વિવાદીને કોઈ જ પત્ર, ફોન, ઈ-મેઈલથી જાણ કર્યા સિવાય જ સુનાવણી ગોઠવી દીધી અને વિવાદીને ગેરહાજર દર્શાવી એકતરફી નિર્ણય જાહેર કરી દીધો.

સોસાયટીના રહીશો દ્વારા માહિતી અધિકાર અધિનિયમ અંતર્ગત માંગેલ માહિતીના જવાબ પણ આજદિન સુધી સંપૂર્ણ અને સંતોષકારક મળવા પામ્યા નથી. તાલુકા-સ્વાગત, જિલ્લા-સ્વાગત અને મુખ્યમંત્રી સ્વાગત સુધી આ રજૂઆત-ફરિયાદ થયેલ છે, પરંતુ પરિણામ શૂન્ય.

સોસાયટી અને આસપાસની અન્ય બે સોસાયટીના રહીશોએ ન છૂટકે ગુજરાત હાઈકોર્ટનો સહારો લેવો પડ્યો. ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરી. જેના પ્રત્યુત્તરમાં નામદાર હાઈકોર્ટે સદર વસાહતને



તદન ગેરકાયદેસર ગણાવી તેને દૂર કરવા ચીફ ઓફિસરને આદેશ કર્યો હતો. અધિકારીને દબાણની પરિભાષા સમજાવી તેને બે-ત્રણ માસમાં હટાવી દેવા લેખિત આદેશ કર્યો હતો. પણ સમયમર્યાદામાં તેઓએ સદર દબાણ દૂર ન કરતાં રાકેશ પ્રજાપતિએ લીગલ નોટીસ આપવાની ફરજ પડી હતી. નામદાર ગુજરાત હાઈકોર્ટના અનાદર બાબતે જિલ્લા કલેક્ટર અને ચીફ ઓફિસરને લીગલ નોટીસ પાઠવી આપ્યાના એકાદ માસ વિત્યા બાદ પણ સરકારી તંત્ર ઉંઘતુ જ રહ્યુ હતુ. જો કે આજરોજ દબાણ દૂર કરવામાં આવ્યું છે, જેની સોસાયટીના રહીશોએ રાહતનો શ્વાસ લીધો હતો.